જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૮/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૨૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૧૨ લીટર દેશી દારૂ, ૧૨૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૧૧૦ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૬૩ બીયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૪ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૨૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ત્યજી દિધેલ હાલતમાં શિશુ મળી આવ્યુંઃ– **સમાચાર યાદી નં.૧૧૨૨/૨૦૨૬**

નિકોલઃ તા.૧૨/૦૮/૨૦૨૬ સવારના કલાક ૦૬/૦૦ વાગ્યા પહેલા સુપ્રિયા હોટલની સામે રિંગ રોડના સર્વિસ રોડ ઉપર આવેલ લીમડાના ઝાડ નીચેથી ત્યજી દિધેલ હાલતમાં જીવિત શિશુ મળી આવતા નિકોલ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૧૨૩/૨૦૨૬**

ઓઢવઃ સીંગરવા ખાતે આવેલ "આઇકોન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ" શેડ નં.૦૧ "કુળદેવી ઇન્ડસ્ટ્રીઝ" ખાતે ફેબ્રીકેશનનુ કામ કરતા અને ત્યાંજ રહેતા ધીરુભાઇ નટુભાઇ ચૌહાણ (ઉ.વ.૪૭)(મુળ રહે.રામપુરા ખાત્રજ ગામ, તા.મહેમદાવાદ જી.ખેડા) તા.૧૧/૦૮/૨૦૨૬ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે શેડમાં ઉપરના માળે બનાવેલ ઓફીસથી સીડી વાટે નીચે ઉતરતા હતા ત્યારે અચાનક તેમનો પગ લપસી જતા નીચે પડી જતા માથાના પાછળના ભાગે ગંભીર ઇજા થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૨૪/૨૦૨૬**

સાબરમતીઃ ખુશ્બુ વા/ઓ વિક્રાંત રાય (ઉ.વ.૩૭)(રહે.પંચશ્લોક હોમ્સ દેવ રેસીડેન્સી સામે ત્રાગડ રોડ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૮/૨૦૨૬ બપોરના ૨/૩૦ થી ૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.રાવ ચલાવે છે.

નારોલઃ અરવિંદ મુન્નારામ જાટવ (ઉ.વ.૨૦)(રહે.રાજનગર, પ્રગતિ–૦૨ કન્ટ્રકશન સાઇટ સામે, જુની કોર્ટ પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૮/૨૦૨૫ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી